રજુ તારીખઃ૧૮–૦૬–૨૦૨૩
નોંધ્યા તારીખઃ૧૮–૦૬–૨૦૨૩
ફેંસલ તારીખઃ ૩૦–૦૪–૨૦૨૫
અવધિઃ ૦૧વર્ષ ૧૦ માસ ૧૨ દિવસ

.

**મહેરબાન સુરતના જયુડી. મેજી ફ.ક. (પ્રથમ ) સાહેબની કોર્ટમાં.**
**ફોજદારી કેસ નં.૬૨૭૯૯/૨૦૨૩.**
**આંક–૧૩**

**ફરીયાદીઃ શ્રી સરકાર.**

**વિરૂધ્ધ**

**આરોપીઃ વિપુલભાઈ હીરાભાઈ ગાબાણી,**
રહે. ૯૦૫, અમીઝારા પેલેસ, લાલ દરવાજા રોડ, સુરત.

**ગુન્હોઃ ધી કોપીરાઇટ એકટ ૧૯૫૭ ની કલમ–૬૩(બી) અને ૬૪ મુજબનો.**

---

ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી કે.સી.રાવલ.
આરોપી તરફે વિ. વકીલશ્રી વાય.જી. ઢાંકેચા

---

**ચૂકા દો**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તારીખ ૨૫/૦૪/૨૦૨૩ ના કલાક ૧૪–૦૦ થી ૧૬–૦૦ વાગ્યા દરમ્યાન મોજે–સુરત,

કાપોદ્રા, જલારામ ફર્નીચર સામે આવેલ મહાત્મા ઈન્ડસ્ટ્રીઝમાં બીજા માળે, પ્લોટ નં. ૭૯,૮૦ ખાતે આરોપીએ પોતાના ડાયમંડ જવેલરી ડીઝાઈન બનાવતા રસેસ કંપનીના કેડ સેક્સનમાં કાંગારુ એજન્સીના (1) matrix 3D jewelry Design Version ૪.0 તથા (2) MAGICS નામના કોઈ સોફ્ટવેર ફરીયાદીની કંપનીના લાઈસન્સ વગર પોતાના કોમ્પ્યુટરમાં ઉપયોગ કરતા મળી આવી પકડાઈ ગયેલ જે બાબતની ફરીયાદ ફરીયાદીએ ધી કોપીરાઇટ એકટ ૧૯૫૭ ની કલમ–૬૩(બી) અને ૬૪ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ગુના રજી.નં.૧૧૨૧૦૦૨૨૨૩૦૭૪૪/૨૦૨૩ થી ગુનો નોંધાયેલ અને તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરી તેમજ લાગતા વળગતા સાહેદોનાં વિગતવાર નિવેદનો નોંધી તેમજ બનાવવાળી જગ્યાનું પંચનામું કરી તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં આરોપીને અટક કરી ચાર્જશીટ કરતાં હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) આરોપીઓ જામીન ઉપર મુકત થયેલ હોય તેઓને સમન્સ કરતા ઠરાવ તારીખે કોર્ટ સમક્ષ હાજર થતાં ક્રિ.પ્રો.કો.કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ છે અને તેમની સામેનો ગુન્હો વોરંટ ટ્રાયેબલ હોય મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રીએ આરોપીઓની આંક–૦૩ થી તહોમતનામું અને આંક–૦૪થી પ્લી/નિવેદન લેતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવા**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરીયાદી મનોજભાઈ મનોહરભાઈ નાઈની જુબાની |

**ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | એફ.આઈ.આર. |
| ૨ | ૧૦ | કંપની એ ફરીયાદીને આપેલ પાવર ઓફ એટર્ની |
| ૩ | ૧૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૪ | ૧૨ | કલોઝીંગ પુરસીસ. |

(૪) આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ કેસનાં રેકર્ડ ઉપર આરોપીઓનું ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે.

(૫) સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી તેમજ આરોપી પક્ષે તેઓના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬) ઉપરોકત વિગતને ધ્યાને લેતા કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દા**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિઃશકપણે સાબિત કરે છે કે, આરોપીએ તારીખ ૨૫/૦૪/૨૦૨૩ ના કલાક ૧૪–૦૦ થી ૧૬–૦૦ વાગ્યા દરમ્યાન મોજે–સુરત, કાપોદ્રા, જલારામ ફર્નીચર સામે આવેલ મહાત્મા ઈન્ડસ્ટ્રીઝમાં બીજા માળે, પ્લોટ નં. ૭૯,૮૦ ખાતે આરોપીએ પોતાના ડાયમંડ જવેલરી ડીઝાઈન બનાવતા રસેસ કંપનીના કેડ સેક્સનમાં કાંગારુ એજન્સીના (1) matrix 3D jewelry Design Version 8.0 તથા (2) MAGICS નામના કોઈ સોફ્ટવેર ફરીયાદીની કંપનીના લાઈસન્સ વગર પોતાના કોમ્પ્યુટરમાં ઉપયોગ કરતા મળી આવી પકડાઈ ગયેલ જે બાબતની ફરીયાદ ફરીયાદીએ ધી કોપીરાઇટ એકટ ૧૯૫૭ ની કલમ–૬૩(બી) અને ૬૪ મુજબ આપતા શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

ઉપરોકત મુદ્દાઓ પરના અત્રેની અદાલતના નિર્ણયો નીચેના કારણોસર નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**કા ર ણો**

**મુદ્દા નં.૧–**

(૭) મુદ્દા નંબર–૧. ધી કોપીરાઇટ એકટ ૧૯૫૭ ની કલમ–૬૩(બી) અને ૬૪ મુજબ જોગવાઇઓ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવાને ધ્યાને લેવામાં આવે તો,ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ ``પુરાવાનું મુલ્યાંકન `` શબ્દને પુરાવાના

કાયદામાં કયાય વ્યાખ્યાબદ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્પિત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિતી અને નાસાબિતીની વ્યાખ્યા પર આધારીત છે.

(૮) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતાજ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતો હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ માટેની હકીકતોથી શંકાથી પર રીતે સાબીત કરવાની હોતી નથી.

(૯) ફરીયાદપક્ષે આંક–૦૮થી ફરીયાદી મનોજભાઈ મનોહરભાઈ નાઈને સોગંદ ઉપર તપાસેલા છે અને આ ફરીયાદીએ તેઓની જુબાનીમાં જણાંવેલ છે કે, તારીખ ૨૫/૦૪/૨૦૨૩ના રોજ તે કાંગારુ કંપનીમાં ચીફ એક્સક્યુટીવ ઓફીસર તરીકે તેમની ફરજ બજાવતો હતો હાલમાં પણ તેમની ફરજ ચાલુ છે. તેમની ફરજમાં મેટ્રીક્સ અને મેજીક્સ ઈન્ટરનેશનલ કંપની પ્રા.લી.ના ડાયમંડ જ્વેલરીના ડીઝાઈન બનાવવાના સોફ્ટવેરનો ગેરકાયદેસર ઉપયોગ કરતા ઈસમો સામે કાર્યવાહી કરવાની મારી ફરજ હતી.

તેમને તે સમયે મૌખીક માહીતી મળેલી કે કાપોદ્રા પો.સ્ટે.વિસ્તારમાં મહાત્મા ઈન્ડ. બીજા માળે ફ્રીજમ ઈન્ટ.ડાયમંડ જ્વેલરીના કારખાનામાં કાંગારુ કંપનીમાં મેટ્રીક્સ જ્વેલર્સ ડીઝાઈન વર્ઝન-૮ તથા મેજીક ઈન્ટ.ક.ના સોફ્ટવેર દ્રારા ડાયમંડ જ્વેલરીની ડીઝાઈન બનાવવાની કામગીરી ચાલે છે જેથી મદદનીશ પો.કમિ.શ્રી સુરત શહેરનાઓને તેમને અરજી આપેલી અને તપાસ કરવાની પરવાનગી મેળવેલી કાપોદ્રા પો.સ્ટે.ના પી.આઈ. એમ.વી.વાછાણી તથા પો.સ.ઈ. એ.આર.રાઠોડ વગેરે પોલીસના માણસો તેમની સાથે રેડમાં આવવા તૈયાર થયેલા તે સમયે બે પંચોને બોલાવેલા કે કેમ તે તેઓ કહી શકે નહી. ત્યારબાદ તે બાતમી હકીકતવાળી જગ્યાએ પહોચેલા જ્યા એક ઈસમ વિપુલ હીરાભાઈ ગાબાણી મળી આવેલ અને કાંગારુ કંપનીના ડાયમંડ જ્વેલરી કંપનીના સોફ્ટવેર હોવાની શંકા ગયેલ જેથી ત્યાથી કોમ્પ્યુટર પોલીસે કબજે લીધા હતા. તેમને શંકાના આધારે ફરીયાદ આપેલી. સદર ઈસમ પાસે જે તે સમયે લાયસન્સ માંગેલ કે કેમ તે તેમને યાદ નથી. તેમને અસલ એફ.આઈ.આર. બતાવવામાં આવે છે જો જોઈને કહે છે કે તેમા ફરીયાદી તરીકે તેમની સહી છે જે સહી તે ઓળખી બતાવે છે જે અસલ એફ.આઈ.આર.આ કામે આંક-૦૯થી રજુ છે. ફરીયાદ સાથે એક ઓથોરાઈઝેશન લેટર બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમાં તેમને કંપની દ્રારા પાવર ઓફ એટર્ની આપેલ છે જે પ્રમાણે તે કંપની વતી કોઈપણ ફરીયાદ કે કોઈપણ કામ કરી શકે તે બાબતનું પાવર ઓફ એટર્ની છે જે પાવર ઓફ એટર્ની આ કામે આંક-૧૦થી રજુ છે આમ, ફરીયાદીએ આંક-૦૯થી રજુ થયેલ ફરીયાદની હકીકતને સમર્થન ન કરતા વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપતા ઉલટ તપાસમાં દરમ્યાન પણ ફરીયાદપક્ષના

કેસને મદદરૂપ થાય તેવી કે આંક–૦૯ વાળી ફરીયાદ હકીકતને સમર્થન કરતી કોઈ હકીકત ફરીયાદપક્ષ બહાર કઢાવી શકેલ નથી.

બચાવપક્ષે કરવામાં આવેલી ફરીયાદીની ઉલટ તપાસમાં ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, કંપનીમાં લાયસન્સ મેળવવા માટેની એક પ્રક્રિયા છે અને ઘણો સમય તેમા જાય છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ઘણી વખત કંપની લાયસન્સ માંગનાર પાસે સમય જાય તેમ હોય મૌખીક સંમતી આપતી હોય અને પાછળથી લાયસન્સ ઈસ્યુ કરતી હોય છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી પાસે લાયસન્સ હતુ કે કેમ તેઓને મૌખીક સંમતી આપેલ કે કેમ તેની તપાસ તેને કંપનીમાં કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, જે તે સમયે શંકાના આધારે તેમને ફરીયાદ આપેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મૌખીક વાતચિત બાદ કંપનીએ પાછળથી આરોપીને લાયસન્સ આપ્યાનું તેમની જાણમાં છે. એ હકીકતનો સ્વીકાર કરતા નથી કે, કામગીરી દર્શાવવા માટે ખોટી ફરીયાદ દાખલ કરી તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

(૧૦) આમ સદર કામે ફરીયાદ પક્ષનાં રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદ પક્ષે મહત્વનાં કહી શકાય તેવા ફરીયાદીએ આંક–૦૮થી સોગંદ ઉપર જુબાની આપતા ફરીયાદી જણાવે છે કે, આરોપીના કારખાનેથી કાંગારુ કંપનીમાં મેટ્રીક્સ જ્વેલર્સ ડીઝાઈન વર્ઝન–૮ તથા મેજીક ઈન્ડસ્ટ્રીઝ કંપનીના સોફ્ટવેર દ્વારા ડાયમંડ જ્વેલરીની ડીઝાઈન બનાવવાની કામગીરી ચાલતી હતી જેથી તે પોલીસ સાથે ત્યા રેડ કરવા માટે ગયેલા પરંતુ વધુમાં, ફરીયાદી જણાવે છે કે તેમને ફરીયાદ શંકાના આધારે આપેલી અને આરોપી પાસે તેમને લાયસન્સ માંગેલ કે કેમ તે પણ તેમને યાદ નથી. વધુમાં, ફરીયાદીએ આંક–૦૯થી રજુ થયેલ ફરીયાદની હકીકતને

સમર્થન ન કરતા વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપતા ઉલટ તપાસમાં દરમ્યાન પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કે આંક-૦૯ વાળી ફરીયાદ હકીકતને સમર્થન કરતી કોઈ હકીકત ફરીયાદપક્ષ બહાર કઢાવી શકેલ નથી. બચાવપક્ષે કરવામાં આવેલી ઉલટ તપાસમાં ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, લાયસન્સ મેળવવા માટેની પ્રક્રિયા ખુબ જ લાંબી હોય છે અને ઘણીવખત તેના કારણે કંપની મૌખીક સંમતી આપતી હોય છે અને પાછળથી લાયસન્સ ઈસ્યુ કરતી હોય છે અને તે બાબતની તપાસ પણ ફરીયાદીએ કરેલી નહી. વધુમાં, ફરીયાદી એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, ફરીયાદી તેણે શંકાના આધારે આપેલી અને મૌખીક વાતચિત બાદ કંપનીએ પાછળથી આરોપીને લાયસન્સ આપેલાનું ફરીયાદીના ધ્યાનમાં છે. આમ, આરોપીને કંપનીએ મૌખીક જાણ કરેલ અને પાછળથી લાયસન્સ આપવાનો પરવાનો આપેલ હોવા છતા ફરીયાદીએ શંકાના આધારે ફરીયાદ આપેલી. આમ, ફરીયાદીએ ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોવાથી આરોપીને તેમની સામેના ગુના સબબ તક્સીરવાન ઠરાવી શકાય નહી.

વધુમાં, સદર કામે ફરીયાદપક્ષ તર્ફે આંક-૧૧થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ રજુ કરવામાં આવેલ છે જે બચાવપક્ષે પણ કબુલ મંજુર રાખેલ છે. પરંતુ તેના કોઈ પંચ સાહેદોને તપાસવામાં આવેલ નથી. જેથી સદર દસ્તાવેજોને વંચાણે લેવામાં આવે તો પણ આ કામે આરોપીએ કાંગારુ કંપનીનું સોફ્ટવેર વાપર્યાનું જણાઈ આવે છે પરંતુ સોફ્ટવેર આ કામના આરોપીએ લાયસન્સ વગર વાપર્યુ હોય તેવી કોઈ હકીકત ફરીયાદીની જુબાની પરથી જણાય આવતી નથી. જેથી આરોપીઓને તેમની સામેના આક્ષેપિત ગુના સામે તક્સીરવાર ઠરાવી શકાય નહી. આમ, આ કામે કોઇ સ્વતંત્ર

સાહેદોનો પુરાવો કે અન્ય કોઈ પ્રત્યક્ષ પુરાવો રજુ થયેલ નથી ત્યારે આરોપીઓ સામેનો ગુન્હો શંકાથી પર(Beyond Reasonable Doubt) પુરવાર થયેલ હોવાનુ માની શકાય નહી. તમામ સાહેદોની જુબાનીને ધ્યાને લેવામાં આવે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ ન હોવાથી આરોપીને તેમની સામેના ગુનામાં તક્સીરવાન ઠરાવી શકાય નહી.

(૧૧) કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે, શંકા ગમે તેટલી મજુબત હોય તો પણ તે કાનૂની પુરાવાનુ સ્થાન લઇ શકે નહી. વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો પ્રમાણે પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એકબાજુ એમ જણાઇ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરીયાદ પક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં ફોજદારી ન્યાયશાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે, સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઇ નિર્દોષ માર્યો જવો જોઇએ નહી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવો ન્યાયોચિત જણાતુ નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે " કૈલાશ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ " જે એ.આઇ.આર.૨૦૧૨,

એસ.સી. પાના નં.૭૮૬ ના ચૂકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતા તેના પેરા–૨૮ માં એમ ઠરાવેલ છે કે,

"It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognized as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions,

the said principle forms the basis of criminal jurisprudence in India."

આમ ઉપરોકત ચર્ચા કરેલ કાયદાની પરિસ્થિતિ તથા ચર્ચેલ ચૂકાદા મુજબ તથા ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, તેમજ આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો તથા બન્ને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલો અને ઉપર ચર્ચા કરી તેને ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ધી કોપીરાઇટ એકટ ૧૯૫૭ ની કલમ-૬૩(બી) અને ૬૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-// **હુકમ** //-

(૧) આ કામનાં આરોપી વિપુલભાઈ હીરાભાઈ ગાબાણી, રહે. ૯૦૫, અમીઝારા પેલેસ, લાલ દરવાજા રોડ, સુરતનાઓને ધી કોપીરાઇટ એકટ ૧૯૫૭ ની કલમ-૬૩(બી) અને ૬૪ મુજબનાં સજાને પાત્ર ગુન્હામાંથી ક્રિ.પ્રો.કો.કલમ-૨૪૮(૧) અન્વયે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર ચુકાદા વિરુધ્ધ અપીલ થાય તો તેવા સંજોગોમાં એપેલેટ કોર્ટ સમક્ષ આરોપીઓની હાજર ઉપલબ્ધ રહે તે હેતુથી ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ ૪૩૭(ક) ની જોગવાઈ મુજબ આરોપીને રૂ. ૧૦,૦૦૦/-ના અપીલ સમયના નવા જામીનખત અને જાત મુચરકા રજુ કરવા.

(૩) આ કામે આરોપીઓ કબજે લીધેલ એક Artis કંપનીનું સી.પી.યુ. જેની કિ.રૂ. ૧૦,૦૦૦/– અંગે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે અને તે સમયે રાખવામાં આવેલી શરતો આથી રદ કરવામાં આવે છે. વધુમાં જો સદર મુદામાલ એફ.એસ.એલ.માં હોય તો અત્રેની કોર્ટને હવે સદર મુદામાલના પૃથ્થકરણ રીપોર્ટની જરૂર ન હોય સદર મુદામાલ પરત મંગાવી લેવો અને સદર મુદામાલ અંગે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો અને જો અપીલ સમય દરમ્યાન કોઈ ક્લેઈમ કરે તો સદર મુદામાલની માલીકી અંગે ખરાઈ કરી માલીકી અંગેનો જરૂરી આધારપુરાવો લઈ જે તે મુળ માલીકને પરત સોંપવો તથા જો અપીલ સમય દરમ્યાન કોઈ ક્લેઈમ ન કરે તો અપીલ સમય બાદ બે માસ વિત્યેથી સદર મુદામાલની નિયમોનુસાર જાહેર હરરાજી કરી તેની ઉપજેલી રકમ સરકાર ખાલસા કરવી તથા તે સિવાયનો મુદામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખઃ ૩૦મી, માંહે–એપ્રીલ, સને ૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૪/૨૦૨૫
સુરત

**(અમિત રમેશચંદ્ર ત્રિવેદી)**
જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
(પ્રથમ કોર્ટ) સુરત
GJ01366